# સાહિત્યમાં વર્તારો નથી હોતો માત્ર અકસ્માતો જ હોય છે



## ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સુપ્રસિદ્ધ સર્જક ચંદ્રકાન્ત ટોપીવાળાનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૨

'સાહિત્યમાં વર્તારો નથી હોતો, માત્ર અકસ્માતો જ હોય છે અને આવા અકસ્માતોને કારણે સાહિત્ય સર્જાતું હોય છે.' આ શબ્દોનું ઉચ્ચારણ ગાંધીનગર ખાતે ખ્યાત સર્જક ચંદ્રકાન્ત ટોપીવાળાએ કર્યું હતું.

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સ્વ. રેવાબેન અને સ્વ. આત્મારામભાઈ કા પટેલની સ્મૃતિમાં 'સમાજ, સેવા અને સાહિત્ય' વ્યાખ્યાનમાળાના તાજેતરના મણકામાં સુપ્રસિદ્ધ સર્જક અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ચંદ્રકાન્ત ટોપીવાળાનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તેમનાં પત્ની અને લેખિકા શાલિનીબેન ટોપીવાળા પણ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન તથા અતિથિઓનો પરિચય સંસ્થાના પ્રમુખ ભરત કવિ દ્વારા, કાર્યક્રમની ભૂમિકા મંત્રી સંજય થોરાત દ્વારા આપવામાં તથા અંતે આભાર દર્શન મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રજ્ઞાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

શાલિનીબેને સાહિત્યનો મહિમા કરતાં જણાવ્યું હતું કે 'મૅન ઈઝ એ સર્ચિંગ ઍનીમલ. એને સતત કશાકની શોધ છે. આ કશુંક એટલે સુખ અને સુખ એટલે ઈચ્છીત વસ્તુ મળવી. એ મળવાથી માણસને આત્મસંતોષ થાય છે. આવો આત્મસંતોષ આપણને શબ્દ આપે છે.'

'રચનાની આંતરકથા' વિષયે બોલતાં ચંદ્રકાન્ત ટોપીવાળાએ રસિક શૈલીમાં દુનિયાનાં ખ્યાત સર્જનોની રચના અંગેની આંતરકથાને સુંદર રીતે વર્ણવી હતી. આ દરમિયાન તેમણે યાદ રહી જાય તેવાં વાક્યોનું ઉચ્ચારણ પણ કર્યું હતું, જે ખાસ ગાંધીનગર સમાચારના વાચકો માટે પ્રસ્તુત છે.

- સાહિત્ય સર્જન એ સાધના અને તપની વાત છે.
- કવિના એક શબ્દના સર્જન પાછળ વર્ષો લાગેલાં હોય છે.
- ઉમાશંકર જોષી આપણા એવા પહેલા કવિ હતા જેમણે આધુનિક સૂર આલાપ્યો હતો.
- માણસ માટે સૌથી પીડાકારક કંઈક હોય તો તે કુટુંબ છે.
- સંતાન ઉપર આપણે આપણાં સ્વપ્નો લાદીએ છીએ. સંતાન પોતાનું વિશ્વ લઈને આ દુનિયામાં આવે છે, પરંતુ આપણે એની ઉપર આપણું વિશ્વ થોપીને એને ખત્મ કરી નાખીએ છીએ.
- કવિતા એ જેવાતેવાનો ખેલ નથી.
- આપણે હિંસાકુળ ને હિંસાતૂર છીએ.
- મનુષ્ય સંસ્કારી બનવા પ્રયાસ કરે છે, પણ બનતો નથી.
- તમે જે જગતને જુઓ છો તે તમારી ચેતનામાં સંડોવાઈને આવતું હોય છે.
- કાવ્યસર્જન એ કોઈ થાગડથિગડની ક્રિયા નથી, એ લાઈવ સર્જરી છે.
- આજે વાચકને માત્ર સર્જકની કૃતિમાં રસ નથી, એને કૃતિ પાછળના ભાવમાં, આશયમાં પણ રસ છે.
- આપણું જીવન એ ચૂકી જવાની ક્રિયા છે.
- પદ્ય કરતાં ગદ્યનું સર્જન અઘરું છે. ગદ્ય એ ભલભલાનું પાણી ઉતારી દે તેવું કાર્ય છે. પદ્ય એ સાઈકલ શીખવા જેવું છે. એકવાર શીખો એટલે ચલાવી શકો. પણ ગદ્યને લય નથી, એ ટ્રૅકલેસ છે. એનો લય, એનો ટ્રૅક તૈયાર કરવો પડે છે. દરેક વાક્યનો લય તૈયાર કરવો પડે છે. દરેક વાક્યનું સર્જન એ પર્વત તોડવા જેવું અઘરું છે.
- સ્વાયત્તતા એક એવું મૂલ્ય છે, જેનો વિવાદ નથી.

# 'સૅટરડે નાઈટ્સ'નો સંદેશ : જીવન અમૂલ્ય છે





પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્સના બૅનર તળે 'સૅટરડે નાઈટ્સ' જેવા અનોખા કાર્યક્રમનું આયોજન કરતા ગાંધીનગરના યુવાન કલાકારોએ શનિવારે રાત્રે ગાંધીનગર સ્વર્ણિમ પાર્કમાં ઉપસ્થિત રસજ્ઞ પ્રેક્ષકોને તથા એમના માધ્યમથી સમાજને પણ 'જીવન અમૂલ્ય છે' એવો સંદેશ આપ્યો હતો. નગરની કલા-સેવા સંસ્થા ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) દ્વારા નિર્મિત અને કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'જીવન અમૂલ્ય છે' સૅટરડે નાઈટ્સ અંતર્ગત પ્રસ્તુત કરવામાં આવ્યું હતું, જેના માધ્યમથી નાનાં-નાનાં કારણોસર આત્મહત્યા કરીને જીવન ટૂંકાવી નાખવાનો નિર્ણય એ તદન અયોગ્ય નિર્ણય છે, કોઈપણ વ્યક્તિએ એમ ન કરવું જોઈએ એવો સંદેશ પ્રસારિત કરવામાં આવ્યો હતો. અત્યંત અસરકારક ઢંગથી પ્રસ્તુત થયેલા આ નાટકને જોઈને પ્રેક્ષકો ભાવુક બની ગયા હતા અને સૌએ કલાકારોને ભરપૂર તાળીઓ અને શબ્દોથી પણ પ્રશસ્ત કર્યા હતા. ઉપસ્થિત પ્રેક્ષકોમાં બાળકોની મોટી સંખ્યાને જોતાં નાટક બાદ આ બાળકોને સમૂહ ડાન્સ પણ કરાવવામાં આવ્યો હતો. બાળકો સાથે સૅટરડે નાઈટ્સના કલાકારો અને કેટલાક ઉત્સાહી વાલીઓ પણ આ ડાન્સમાં જોડાતાં સમગ્ર માહોલ અત્યંત ઉત્સાહજનક બની ગયો હતો. બાળકોને કરાવવામાં આવેલો આ 'જંગલ બૂક' ડાન્સને 'વન્સ મૉર'ની દાદ મળી હતી ને સૌએ ઉત્સાહપૂર્વક ફરી ડાન્સ કર્યો પણ હતો. આમ, જીવન અમૂલ્ય છે એવી અમોલી શીખ આપતા ભરપૂર મનોરંજક નાટક અને ઉત્સાહી ડાન્સ પ્રયોગને કારણે સૅટરડે નાઈટ્સનો આ પ્રયોગ અત્યંત ઉત્સાહી બની ગયો હતો.




સ્મિત મ્યુઝિક દ્વારા કિશોર ક્લાસીસના સૌજન્યથી આયોજિત કાર્યક્રમ 'दिवाने परवाने मस्ताने' ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં ગાંધીનગરના સિનીયર-જુનિયર કલાકારોએ ગીત-સંગીતની સુંદર મહેફિલ જમાવી હતી. કિશોર કલાકાર વત્સલ ઓઝા ઉપરાંત ખુશાલ પંચાલ, હેમાંગ દવે, સાગર દેસાઈ, હિમાંશુ પુરોહિત, રીના પુરોહિત, પ્રદિપ દવે, સની પ્રજાપતિ, નિયાઝ મનસૂરી, મુસ્કાન મનસૂરી, શ્રવણ પરમાર, ભરત ગજ્જર, જ્યોતિ ગજ્જર તથા જિજ્ઞા રાવલ અને મૌલિક ત્રિવેદીએ ગાયકીનો જાદુ પાથરી પ્રેક્ષકોને પ્રસન્ન કર્યા હતા. કાર્યક્રમમાં અતિથિ તરીકે જીલુભા ધાધલ, હર્ષાબા ધાધલ, સંજય થોરાત, જગત કારાણી ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન બિજય તિવારી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર સાહિત્ય સભા તરફથી વિષ્ણુ પંડ્યાને અભિનંદન અપાયા

## સાહિત્ય સભાના અગ્રણી હોદ્દેદારોએ રૂબરૂ મળી શુભકામનાઓ અને અભિનંદન પાઠવ્યાં

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે ગુજરાત સરકાર દ્વારા વિષ્ણુ પંડયાની નિમણુંક કરવામાં આવી છે. તેમણે પોતાનો આ પદભાર સંભાળીને કાર્યની શરૂઆત કરી દીધી છે.

વિષ્ણુ પંડ્યાની આ નિમણૂંકને વધાવતાં તેમને રૂબરૂ મળીને ગાંધીનગર સાહિત્ય સભા તરફથી ભરત કવિ, દોલત ભટ્ટ, પુલક ત્રિવેદી, કિશોર જીકાદરા અને નટવર હેડાઉએ અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

વિષ્ણુ પંડ્યાને ગાંધીનગર સાહિત્ય સભાના અગ્રણી સુરેશ પ્રા ભટ્ટ, મૂળજીભાઈ પરમાર સંજય થોરાત, સમગ્ર કારોબારી તથા સભ્યો તરફથી પણ અભિનંદન પાઠવી તેમની નિમણૂંકને આવકારી તેમને આ નવતર કાર્યભાર માટે શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

ડાયરેક્ટ ❤ સે

ઓ ભણેલાઓ
ઓ ગણેલાઓ
વેદ
નહીં વાંચો
તો ચાલશે
વેદના
અવશ્ય વાંચજો

મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
હાફ ગર્લફ્રેન્ડ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કરસનદાસ પે ઍન્ડ યુઝ (ગુજરાતી)
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
હાફ ગર્લફ્રેન્ડ
સવારે ૧૦.૦૦
બાહુબલિ-૨
૧૨.૩૦
હિન્દી મીડિયમ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# રાજ્યમાં ૧૦૮ માધ્યમિક અને ૧૩૮ ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ્સને મંજૂરી

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારી સમિતિની બેઠકમાં રાજ્યમાં નવી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોની મંજૂરી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં અત્યાર સુધી બોર્ડની ૯ જેટલી કારોબારી સમિતિની બેઠક મળી ચુકી છે. જેમાં માધ્યમિકની ૧૦૮ અને ઉચ્ચતર માધ્યમિકની ૧૩૮ મળી કુલ ૨૪૬ નવી સ્કૂલોને મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જ્યારે માધ્યમિકની ૨૮૨ અને ઉચ્ચતર માધ્યમિકની ૯૦ સ્કૂલો શરૂ કરવાની અરજી નામંજૂર કરવામાં આવી છે. હજુ આગામી દિવસોમાં વધુ બેઠક બોલાવી બાકી રહેલી સ્કૂલોની મંજૂરીની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારી સમિતીની બેઠકમાં રાજ્યમાં નવી માધ્યમિક સ્કૂલોને મંજૂરી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રાજ્યમાં નવી સ્કૂલો શરૂ કરવા માટે ઢગલાબંધ અરજીઓ આવી હોઈ કારોબારી સમિતીની બેઠકો બોલાવી તેમાં આ તમામ અરજીઓની સુનાવણી પૂર્ણ કરી મંજૂરી અંગે નિર્ણય લેવામાં આવનાર છે. જેમાં અત્યાર સુધી બોર્ડની ૯ જેટલી કારોબારી સમિતિની બેઠક મળી ચુકી છે અને તેમાં કુલ ૬૧૮ જેટલી અરજીઓની સુનાવણી પૂર્ણ કરવામાં આવી છે. જ્યારે બાકી રહેલી અરજીઓ પર પણ ટૂંક સમયમાં જ નિર્ણય લેવાશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

બોર્ડની વિવિધ ૯ જેટલી કારોબારી સમિતિની બેઠકમાં કુલ ૬૧૮ જેટલી સ્કૂલો શરૂ કરવાની અરજીઓ પર નિર્ણય લેવામાં આવ્યા છે. જેમાં માધ્યમિક માટેની કુલ ૩૯૦ અરજીઓની સુનાવણી પૂર્ણ કરી નિર્ણય લેવાયો છે. જ્યારે ઉચ્ચતર માધ્યમિકની ૨૨૮ અરજીઓ પર નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. માધ્યમિક સ્કૂલો શરૂ કરવા માટે મળેલી અરજીઓ પૈકી કારોબારી સમિતિ દ્વારા રાજ્યમાં નવી ૧૦૮ માધ્યમિક સ્કૂલો શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. હાલમાં બોર્ડ દ્વારા સ્કૂલોને પ્રોવિઝનલ એપ્રુવલ આપવામાં આવી છે. ડીઈઓ કચેરી દ્વારા તપાસના અંતે કાયમી મંજૂરી અપાશે. બેઠકમાં રાજ્યમાં સ્કૂલ શરૂ કરવા માટેની ૨૮૨ જેટલી અરજીઓ રદ કરવામાં આવી છે.

જ્યારે ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો શરૂ કરવા માટે બોર્ડને મળેલી ૨૨૮ અરજીઓનું હિયરીંગ પૂર્ણ કરી નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રથી ૧૩૮ સંસ્થાઓને સ્કૂલો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જ્યારે ૯૦ સંસ્થાઓની ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ શરૂ કરવાની અરજી સમિતિ દ્વારા નામંજૂર કરવામાં આવી છે. આમ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની મળી કુલ ૨૪૬ સ્કૂલો શરૂ કરવાની બોર્ડ તરફથી મંજૂરી મળી ચુકી છે. જ્યારે ૩૭૨ અરજીઓ રિજેક્ટ કરવામાં આવી છે.


રાજ્યમાં સ્કૂલ શરૂ કરવા માટેની ૬૧૮ અરજીઓ પૈકી ૨૪૬ને નવા શૈક્ષણિક સત્રથી સ્કૂલ શરૂ કરવા માટેની પ્રોવિઝનલ એપ્રુવલ આપવામાં આવી છે. જેથી આ સ્કૂલો નવા શૈક્ષણિક સત્રથી સ્કૂલ શરૂ કરી શકશે. જોકે, છ માસમાં સ્કૂલ દ્વારા બોર્ડ સમક્ષ ઓનલાઈન સબમિટ કરેલા પુરાવાની ચકાસણી ડીઈઓ કચેરી દ્વારા હાથ ધરાશે અને ડીઈઓ કચેરીના રિપોર્ટ બાદ બોર્ડ દ્વારા કાયમી મંજૂરી અપાશે.

# એબ્રિવેશનના ઉપયોગમાં આજકાલ યંગ જનરેશનની જોરદાર જમાવટ

મિતાક્ષર એટલે માપવાળું લખાણ. એવુ ટૂંકું અને સંક્ષિપ્ત લખાણ કે જે ઝડપથી સમજી શકાય. પ્રસ્તાવના સ્વરૂપે પુસ્તકમાં કે ચાવીરૂપ ઉદબોધન પહેલા કે પછી સંક્ષિપ્તમાં રજૂ થતી વાતને 'મિતાક્ષરી' કહેવાય છે. મિતાક્ષર માટે અંગ્રેજીમાં 'એબ્રિવેશન' શબ્દ ઉપયોગમાં લેવાય છે. કેટલાક અંગ્રેજી શબ્દો ગુજરાતી ભાષામાં એટલા ઘર કરી ગયા હોય છે કે, મૂળ ગુજરાતી શબ્દાર્થ આવે ત્યારે એ ગુજરાતી શબ્દ અંગ્રેજી જેવો પરાયો લાગે. 'મિતાક્ષર' શબ્દ એ કુળનો છે.

મિતાક્ષરોનો ઈતિહાસ લાંબો છે. ગ્રીસ અને રોમમાં શબ્દને ટૂંકાવીને એનો પ્રથમ અક્ષર રજૂ કરવાની બહુ પ્રચલિત, સામાન્ય અને સર્વસ્વીકૃત બાબત છે. રોમન લીપીમાં શબ્દસમૂહના પ્રથમ અક્ષરને લઈને એક શબ્દ બનાવવાની સદીઓથી પ્રથા ચાલી આવે છે. જો કે ક્યારેક એક એબ્રિવેશનના એકથી વધુ અર્થ પણ થતા હોય છે. સદીઓ પૂર્વે ગ્રીસ અને રોમથી અસ્તિત્વમાં આવેલા એબ્રિવેશનના મૂળમાં ત્રણ બાબત હોવાનું નિષ્ણાતોનું મંતવ્ય છે. સૌથી પહેલા તો એબ્રિવેશન સમય બચાવે છે. ફાસ્ટ લાઈફમાં સમય કોઈની પાસે છે? ટૂકમાં વાત રજુ કરતા એબ્રિવેશન ત્યારે આશીર્વાદરૂપ લાગે એ સ્વાભાવિક છે. બીજુ એબ્રિવેશન જગાનો બચાવ કરે છે. અને ત્રીજી બાબત શોધકર્તાઓ કહે છે કે, એબ્રિવેશન સુરક્ષા અને સલામતી માટેના સંદેશાઓનું વહન કરવામાં સૌથી અગત્યનો ભાગ ભજવે છે.

મિતાક્ષરોની દુનિયામાં 'શોર્ટહેન્ડ લીપી'નું સ્થાન પ્રભાવક રહ્યું છે. 'શોર્ટહેન્ડ લીપી'ની શરૂઆત અંગે દુનિયાભરના ઈતિહાસકારો ગ્રીક ઈતિહાસકાર ક્ષેનોફોનના સંશોધન સાથે સંમત છે. ક્ષેનોફોન મહાશય એ છે કે, જેમણે સોક્રેટિસના વિચારોને શોર્ટહેન્ડ લીપીમાં લખીને યાદગાર બનાવ્યા. રોમન રાજાઓએ શોર્ટહેન્ડ લીપીને સૌપ્રથમ સ્વીકૃતિ આપી. જ્હોન વિલીસ મોડર્ન શોર્ટહેન્ડ લીપીના પિતામહ કહેવાય છે. જ્હોન વિલીએ ૧૭મી સદીમાં 'મોડર્ન શોર્ટહેન્ડ લીપી' સંશોધિત કરી. ત્યારબાદ બેન પિટમેન ૧૮૫૨માં આ પરિભાષા અમેરિકામાં લાવ્યા. પછી તો આફ્રિકન્સ, ડચ, ફ્રેન્ચ, જર્મન, હિબ્રુ, હિન્દી, ઈટાલીયન, જેપનીઝ, પર્શીયન, સ્પેનિશ વગેરે ભાષામાં પિટમેનની શોર્ટહેન્ડ લીપીની પદ્ધતિ પ્રચલિત થઈ.




શોર્ટહેન્ડ લીપી અને એબ્રિવેશન કાકા મામાના પોયરા એટલે કે કઝીન જેવો સંબંધ ધરાવે છે. હવે શોર્ટહેન્ડની લીપી ઉપરથી પાછા એબ્રિવેશન ઉપર આવીએ. સેલફોન અને ઈન્ટરનેટના આવિષ્કાર બાદ અને ખાસ કરીને ૧૯૯૦ પછી યંગ જનરેશન દ્વારા લઘુલીપી અને એબ્રિવેશનના ઉપયોગમાં જબરજસ્ત ઉછાળ આવ્યો. એસએમએસ, વોટ્સએપ મેસેજ, ટ્વીટર મેસેજ અને ફેસબુક પોસ્ટમાં લઘુલીપીનો તદન મોડર્ન અંદાજ જોવા મળે છે.




સ્થળ દિશા નિર્દેશ માટે '@' 'at' લખાય છે. તો 'once' માટે '1c' એવું લખાય છે. 'Today' માટે '2day' તો પછી 'Froever' માટે '4E' લખાય છે. જોવા માટે 'See'ના બદલે 'C' લખાય તો વળી આનંદ માટે 'Enjoy'ને બદલે 'NJOY' લખવામાં આવે છે. 'Thanks again' માટે 'TA', 'What' માટે 'WT', 'Wait' માટે 'W8', 'are' માટે R, your માટે 'UR' લખાય છે. 'Young lady' માટે 'YL' અને 'Young Gentlemen' માટે 'YG' લખવામાં આવે છે.

કેટલાક એબ્રિવેશન એવા છે કે એ મુળતઃ શબ્દ છે કે શબ્દસમૂહનો એક મિતાક્ષર છે તે જ ખબર ન પડે. આવા કેટલાક વિશ્વ પ્રસિદ્ધ એબ્રિવેશનના અર્થ મમળાવવાની મોજ પડે એવી વાત છે.

- ગુગલ ગુરૂ શોર્ટ ફોર્મ છે. GOOGLE – Global Organization Of Oriented Group Language Of Earth.
- યાહુ પણ એબ્રિવેશન જ છે. YAHOO – Yet Another Hierarchical Officious Oracle.
- COMPUTER શબ્દ પણ શબ્દ સ્મૂહનો એક શબ્દ એટલે કે એબ્રિવેશન જ છે. Common Oriented Machine Particularly United and used under Technical and Educational Research.
- આપણે સીમ કાર્ડ, સીમ કાર્ડ કરીએ છીએ એ SIM શબ્દ પણ મિતાક્ષર છે. Subscriber Identity Module.
- LED બલ્બ શબ્દનો નાના મોટા સૌ ઉપયોગ કરે છે એ ન્ઈઢ એબ્રિવેશન શબ્દનો અર્થ Light emitting diode.
- News Paper શબ્દ સમુહ છે, એનુ ફુલ ફોર્મ Nroth East West South Past and Present events reprot.
- Date શબ્દ એબ્રિવેશન છે. એનુ ફુલ ફોર્મ Day and time Evolution
- WINDOWનો અર્થ થાય છે, Wide Interactive Netwrok Development fro Office wrok Solution.
- DVD એટલે Digital Video Disk
- VIRUS – Vital Infromation Resources Under Siege.
- IMEI – International Mobile Equipment Identity.
- RAM એટલે Random access memroy.
- ROM એટલે Read only memroy.
- USB એટલે Universal serial Bus.
- WLAN એટલે Wireless Local Area Netwrok.
- PPI એટલે Pixels Per Inch.
- LCD એટલે Liquid Crystal Display
- OS એટલે Operating System
- HS એટલે HOTSPOT
- GPS એટલે Global Positioning System
- DTP એટલે Desk top publishing
- GSM એટલે Global System fro Mobile Communications.
- Wi-Fi એટલે Wireless Fidelity
- SIS – Installation source
- DELL એટલે Digital electronic link library.
- ACER એટલે Acquisition Collabroation Experimentation Reflection.
- MPEG એટલે Moving pictures experts group
- HP એટલે Hewlett Packard.
- Chess એટલે Chariot, House, Elephant, Soldiers.
- Cold એટલે Chronic Obstructive Lung, Disease.
- Joke એટલે Joy of kids Entertainment.
- Aim એટલે Ambition in Mind.
- Eat એટલે Energy and Taste.
- SIM એટલે Subscriber Identity Module
- OK એટલે Objection Killed
- Bye એટલે Be with you Everytime.

બદલાતા જતા ત્રીજા વિશ્વની યંગ જેનરેશન સમય, જગા અને શક્તિનો સદઉપયોગ કરે છે. ભારત દેશના ૬૫ ટકા ઉપરાંત યંગબ્રિગ્રેડમા આ મિતાક્ષરી ભાષા જંગલની આગની જેમ ફેલાતી જાય છે. કેટલાક ભાષા નિષ્ણાતો અને ચોખલીયાતોને ડર છે કે ભાષા કલુષિત થઈ રહી છે. ઉચ્ચારણો અને સંદર્ભો બદલાઈ જાય છે વગેરે વગેરે... પણ સો વાતની એક વાત... સમય, સ્થળ અને શક્તિનો સમુચિત ઉપયોગ થઈ રહ્યો છે. યુવા વર્ગ દિશા નિર્દેશ કરી રહ્યો છે. એટલું તો ક્લિયર છે કે, એબ્રિવેશનનો ઈતિહાસ ભવ્ય છે, વર્તમાન રોમાંચક લાગે છે અને યસ, ભાવિ નિઃસંદેહપણે ઉજ્જવળ છે. જે ભાષામાં સટાકાબંધ સમજ પડે એ ભાષા સાચી. પણ હા, આપણી માતૃભાષાનુ ગૌરવ જરૂર સચવાય. આપણી ગુજરાતી ભાષા સવાઈ... આવશ્યકતા હોય ત્યાં પરિવર્તન પણ સ્વીકાર્ય. અંગ્રેજી, હિબ્રુ, જાપનીઝ, જર્મની કોઈ પણ ભાષામાથી આવેલા મિતાક્ષરો મંજુર. 'LOL'... હવે તો સમજી ગયાને કે 'LOL' એટલે શું? ચાલો કહી જ દઉ... 'Light Out Loud...' જો કે, 'LOL'નો બીજો સંદર્ભ 'Lots of Love' પણ થાય છે. તમને જે અનુકૂળ પડે એ, અહીં બન્ને વાત ફીટ બેસે છે...

**ધબકાર**

જો તમે સંક્ષિપ્તમાં અને સાદગીપૂર્ણ રીતે વાત રજૂ નથી કરી શકતા, તો તમે વાત બરાબર સમજી જ શક્યા નથી.